સુવિચાર : હોય સીધો સાધો આદમી તો લોક છંછેડ્યા કરે... હોય જે ઉપજાઉ ખેતર એ જ તો ખેડ્યા કરે છે... - રાજેશ વ્યાસ

તાપમાન
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૧૦ | ૧૦ ઓક્ટોબર, ૨૦૧૫, શનિવાર ; ભાદરવા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- મોદી કેબિનેટના મોટાભાગના મંત્રીના બિહારમાં ડેરા
- મોદીના ચૂંટણી ભાષણોમાં ચૂંટણી પંચ ચકાસણી કરશે
- IPLના પેપ્સીકો સ્પોન્સર તરીકે ખસી જવા ઇચ્છુક
- નાની બચત સ્કીમ પર રેટમાં વધારો ઘટાડો નહી જ કરાય
- બજારમાં નુડલ્સ લાવવાની બાબા રામદેવની જાહેરાત
- નિતિશ કટારા હત્યા કેસના દોષિત વિશાલ, વિકાસને મૃત્યુદંડ નહીં : સુપ્રીમ
- સેન્સેક્સ ૨૩૪ પોઈન્ટ ઉછળી ૨૭૦૮૦ની ઊંચી સપાટી પર
- દિલ્હીમાં પર્ફોમ કરવા માટે ગુલામ અલી આખરે સંમત
- ચુંટણી પહેલા જ ભાજપ હિંસા ભડકાવે છે : રાહુલના આક્ષેપ
- ડોલરની વિરુદ્ધ રૂપિયો ૬૪.૭૪ની સપાટી પર

# બિહાર હાલ અપરાધના સકંજામાં : મોદી

### લાલુ યાદવ રિમોટ કંટ્રોલથી બિહારને ચલાવવા માંગે છે : મોદી : બિહારમાં પ્રથમ તબક્કામાં મતદાન પહેલા મોદીની આક્રમક રેલીઓનો દોર જારી : સસારામમાં તોફાની રેલી : જંગલરાજને ટાળવા લોકોને અપીલ કરી



સસારામ,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહારમાં આક્રમક ચુંટણી પ્રચારનો દોર જારી રાખ્યો હતો. સસારામમાં ચુંટણી રેલીને સંબોધતા મોદીએ આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવ, મુખ્યમંત્રી નિતિશકુમાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, ૬૦ વર્ષમાં જે બર્બાદી રાજ્યમાં થઈ છે તેના માટે બિહારની વર્તમાન સરકાર જવાબદાર રહી છે. એનડીએને મત આપીને ૬૦ મહિના આપવા મોદીએ મતદારોને અપીલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, આ તમામ બર્બાદીને દૂર કરી દેવામાં આવશે. ૬૦ મહિનાના ગાળામાં જ બિહાર વિકાસના માર્ગ પર આગળ વધી જશે. મોદીએ કહ્યું હતું કે, જે વિભાગમાં પોલીસ અધિકારીને પણ સુરક્ષા નથી ત્યાં સુરક્ષાની વાત કરવી યોગ્ય રહેશે નહીં. જંગલરાજની સ્થિતિ રહેલી છે.

મોદીએ કહ્યું હતું કે, બિહારને બર્બાદ કરનાર લોકોને બોધપાઠ ભણાવવાનો સમય આવી ગયો છે. મોદીએ રેલીને સંબોધતા કહ્યું હતું કે, લોકો સુપ્રીમ કોર્ટ સમાન છે. બિહારને બર્બાદ કરનાર લોકોને સજા આપવાનો સમય આવી ગયોછે.

# મહાન સંગીતકાર રવિન્દ્ર જૈનનું નિધન

મુંબઈ, તા. ૯

મહાન સંગીતકાર રવીન્દ્ર જૈનનું નામ આવતાની સાથે જ તેમના એકપછી એક મેલોડી ગીતો લોકોના દિલોદિમાગ પર આવી જાય છે. ફિલ્મી ચાહકોને આઘાત લાગે તેવા એક સમાચારમાં આજે આ પીઢ



સંગીતકારનું અવસાન થયું હતું. છેલ્લા ઘણા સમયથી રવીન્દ્ર જૈન બિમાર હતા. ૭૧ વર્ષીય સંગતીકારને યુરીનરી ઈન્ફેક્શન થયા બાદ લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમની કિડનીની પણ સમસ્યા ઉભી થઈ હતી. રવીન્દ્ર જૈનને નાગપુરમાં વોકર્ડ હોસ્પિટલમાંથી મુંબઈમાં ચાર્ટર્ડ એર એમ્બુલેન્સમાં વધુ સારવાર માટે બાંદ્રામાં લીલાવતી હોસ્પિટલમાં ખસેડાયા હતા. તેઓ વેન્ટિલેટર ઉપર આઈસીયુમાં હતા. ૨૪ કલાકના ડાયાલિસીસ પર હતા. છેલ્લા ઘણા સમયથી તેમની તબિયત ખરાબ હતી, જેથી તેમને મળવા આવનાર લોકોની સંખ્યા સતત વધી રહી હતી.

ગઈકાલે તેમને મુંબઈ લવાયા હતા. તેમના પરિવારના સભ્યોમાં પત્નિ દિવ્યા અને ભાઈ મનીન્દરનો સમાવેશ થાય છે. રવિન્દ્ર જૈનનો જન્મ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૪૪ના દિવસે થયો હતો. તેઓ સંગીતકારની સાથે-સાથે એક ગાયક તરીકે પણ હતા. હાર્મોનિયમ તેમના માટે મુખ્ય સંગીતના સાધન તરીકે હતું. વર્ષ ૧૯૭૧થી લઈને ૨૦૧૫ સુધી તેઓ સતત સક્રિય રહ્યા હતા. તેમના એકપછી એક ગીતો ભારે લોકપ્રિયતા જમાવી હતી. સંગીતકારના અવસાનના સમાચાર મળતાની સાથે જ ચાહકોમાં આઘાતનું મોજું ફરી વળ્યું હતું.

# હરેન પંડ્યા હત્યા કેસમાં સાઉદી અરેબિયામાં બે ઝડપાયા

### ઝડપાયેલા બન્ને શખ્સોને ભારત સોંપવાની કવાયત હાથ ધરાશે : પૂર્વ પ્રધાન હરેન પંડ્યા કેસમાં કેટલીક નવી વિગતો ખુલી શકે છે : ભારતીય સુરક્ષા સંસ્થાઓએ સાઉદીને માહિતી આપ્યા બાદ મોટી સફળતા હાથ લાગી

અમદાવાદ,તા. ૯

ગુજરાતના ભૂતપૂર્વ ગૃહપ્રધાન હરેન પંડ્યાની ઘાતકી હત્યા સાથે સંબંધિત કેસમાં બે આરોપીઓ મુફ્તિ સુફિયાન અને જૈનુલ આબિદીનની સાઉદી અરેબિયામાંથી ધરપકડ કરવામાં આવી છે. આની સાથે જ આ કેસને હવે ઝડપથી ઉકેલવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા બન્નેની ધરપકડના અહેવાલને સમર્થન અપાયું છે. બન્ને શખ્સો ઉપર છેલ્લા ઘણા સમયથી નજર રાખવામાં આવી રહી હતી. બન્ને હવે ટૂંક સમયમાં જ ભારતને સોંપવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આ બન્ને શખ્સો અમદાવાદમાં સીરિયલ બ્લાસ્ટમાં મુખ્ય ભૂમિકા અદા કરનાર ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદીન સાથે જોડાયેલા હોવાનું જાણવા મળેલ છે. આ બાબત ખૂબ જ મહત્વપૂર્ણ છે. આવનાર દિવસોમાં નવી નક્કર સફળતા મળી શકે છે. ઈન્ડિયન મુજાહિદીનના સ્થાપક રિયાઝ ભટકલના ખૂબ જ નજીકના ગણાતા મુફ્તિ સુફિયાન ૨૦૦૮માં પાકિસ્તાન ભાગી ગયો હતો. ત્યારબાદ તે સાઉદી અરેબિયામાં

● અનુસંધાન પાન-૭ પર



# મધુર ડેરીમાં શંકરસિંહ રાણા પેનલનો જયજયકાર

### સતત ચોથી વાર રાણા જૂથનો ડેરી પર કબ્જો : વિજય પશુપાલકો અને મધુરના સ્વાદરસિકોની લાગણીને આભારી હોવાનું કહેતા ડો. શંકરસિંહ રાણા





ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી)ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં વર્તમાન ચેરમેન શ્રી શંકરસિંહ રાણાના ચાર ઉમેદવારોના ભવ્ય વિજય સાથે ૧૨ બેઠકો તેમને કબ્જે કરી છે.

સતત ચોથીવાર તેમની પેનલનો ચૂંટણી જંગમાં ભવ્ય વિજય થયો છે તે જિલ્લાના સહકારી ક્ષેત્રમાં એક વિક્રમ છે. શ્રી રાણા કોમર્સ કોલેજ કલોલમાં સફળ આચાર્ય તરીકે પણ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય છે. તેમની આગવી સૂઝને લઈ મધુર ડેરીએ પણ સફળતાના અનેક શિખરો સર કરી અને લોકહૃદયમાં અનેરૂ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

શ્રી રાણાની પેનલના ચારેય મહિલા ઉમેદવારોને ૯૫ કરતાં વધુ મત મળ્યા હતા અને જ્યારે અપક્ષ ઉમેદવારી નોંધાવનાર દક્ષાબેન એલ. પટેલને ૨૩ મત મળ્યા હતા. આમ ૭૦ કરતાં વધુ મતની સરસાઈથી બાલુબેન રાણા, રમીલાબેન પટેલ, રંજનબેન ઝાલા અને હંસાબેન ઠાકોર વિજયી થયા હતા.

આજે યોજાયેલ મતદાનમાં ૧૧૦ મતદારોએ મતદાન કર્યું હતું. એક મતદારે મતદાન કર્યું ન હતુ. સવારે ૧૨ વાગ્યા સુધીમાં મતદાન પૂર્ણ થઈ ગયું હતું.

ચાર વાગ્યે મતગણતરી શરૂ કરાઈ હતી અને વીસ મિનિટમાં જ પરિણામ આવી જતાં રાણાના સમર્થકોએ ગુલાલ ઉડાડી ફટાકડા ફોડી રાણા અને તેમની ટીમને વધાવી લીધી હતી. તેમના સમર્થકોએ શ્રી રાણાને ઘોડા પર બેસાડી વિજયના વધામણા કરતા ગરબે ગુમ્યા હતા તેમજ ગુલાલ અને રંગના છાંટણા કર્યા હતા.

ભવ્ય વિજય બાદ શંકરસિંહ રાણાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે તેમનો આ વિજય ૫૦ હજાર પશુપાલકો તેમજ મધુર ઉત્પાદનના સ્વાદરસિકોની લાગણીનો વિજય છે. તેમણે કહ્યું કે પશુપાલકોના વિકાસ દ્વારા ડેરીની ઉત્પાદિત વસ્તુઓની ગુણવત્તાને જાળવી

● અનુસંધાન પાન-૭ પર

# ચુંટણી મોકુફી અંગે ગુજરાત સરકારને હાઈકોર્ટની નોટિસ

### રાજ્ય ચુંટણી કમિશનને પણ નોટિસ ફટકારાઈ : સમગ્ર મામલામાં વધુ સુનાવણી૧૨મી ઓક્ટોબર સુધી મોકુફ : સોમવાર સુધી જવાબ આપવા માટે બન્નેને આદેશ

અમદાવાદ,તા. ૯

ગુજરાત હાઈકોર્ટે તાજેતરના વટહુકમને પડકાર ફેંકતી અરજી પર રાજ્ય સરકાર અને રાજ્ય ચુંટણી કમિશનને આજે નોટિસ ફટકારી હતી. સ્થાનિક સંસ્થાઓની ચુંટણીને મોકુફ રાખવાના મુદ્દે પણ નોટિસ આપવામાં આવી છે. કાર્યકારી ચીફ જસ્ટીસ જયંત પટેલ અને જસ્ટીસ એનવી અંજારીયાની બનેલી ડિવીઝન બેંચે સોમવાર સુધી જવાબ આપવા સરકાર અને સીઈસીને સુચના આપી છે. જેથી રિ-જોઈન્ડર દાખલ કરી શકાય. આ મામલાની સુનાવણી ૧૨મી ઓક્ટોબર સુધી મોકુફ કરવામાં આવી છે. હાઈકોર્ટમાં રાજ્ય કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહીલ દલીલ કરી રહ્યા છે.ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પાછી છેલવાના સરકારના નિર્ણયને પડકારતી એક અરજી ઉપરની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે રાજ્ય સરકારને પંચાયતોની ચૂંટણી રોકવાની કોઈ સત્તા નથી.

હાઈકોર્ટે એમ પણ કહ્યું કે બંધારણ સર્વોપરી છે અને રાજય સરકાર બંધારણની ઉપર જઈને નિર્ણય ન લઈ શકે. હાઈકોર્ટે એવી પણ ટકોર કરી હતી કે સરકારે બંધારણની જોગવાઈઓની બહાર જઈને અધ્યાદેશ કેમ પાસ કર્યો પંચાયત એકમમાં થયેલા સુધારા પણ બંધારણને આધિન છે ત્યારે સરકારને શા માટે ચૂંટણીઓ પાછી ઠેલવાનો નિર્ણય લેવો પડ્યો. આજે સુનાવણી દરમિયાન અરજદારવતી કોંગ્રેસના ધારાસભ્ય અને વકીલ શક્તિસિંહ ગોહિલે ધારદાર દલીલો કરી હતી અને જુદા જુદા ચુકાદાઓ ટાંક્યા હતાં. આ દલીલો બાદ હાઈકોર્ટે રાજ્ય સરકારને અને રાજયના ચૂંટણીપંચને નોટિસ ફટકારી હતી અને આ મામલાની વધુ સુનાવણી ૧૪મી ઓક્ટોબરે નિશ્ચિત કરી હતી.રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ

● અનુસંધાન પાન-૭ પર













